ફો.મું.નં.૨૦/૧૬

## આંક ૧ લગત હુકમ

એ.પી.પી.શ્રી. જયેશ યાદવને સાંભળ્યા, રેકર્ડ ઘ્યાને લીધું. આ કામે આરોપી વિરુઘ્ધ પ્રોહીબીશનની કલમ–૬૬(૧)બી,૮૫–૧,૩ વિગેરે મુજબના ગુનાનુ તહોમતનામું તા.૪/૨/૧૬ ના રોજ દાખલ કરાયેલું. ત્યારબાદ આરોપીને હાજર થવા પ્રોસેસ કાઢતાં, નિયમીત મળી આવતા નથી અને કેસની કાર્યવાહી છેલ્લા ૧૨ વર્ષથી આગળ વધી શકેલ નથી અને અમદાવાદમાં મેટ્રો રેલવે લાઈનનું કામ ચાલી આવતું હોય, જયાં કામ કરતા કામદાર પરપ્રાંતિય વતની હોય, હાલના આરોપી પણ હાઉસીંગ બોર્ડના રહેવાસી હોય, તેમના જણાવેલ લોકલ સરનામે મળી આવતા ન હોય. તેઓને પ્રોસેસ બજાવી શકાયેલ નથી તેમજ જામીનદારને નોટીસ કરતા તેઓ પણ જણાવેલ સરનામે મળી આવતા નથી. આરોપી નજીકના ભવિષ્યમાં પણ મળી આવે તેમ નહી હોવાનું બજવણી અધિકારી જણાવેલ છે. શાહેદોને પણ પ્રોસેસ બજતા નથી. આરોપી વિરુઘ્ધ પાસપરીમટ વિના વિદેશી દારૂની બોટલ રાખી મહેફીલ માળતા હોવાનો સમરી ટ્રાયેબલ ગુનાનો આરોપ છે. આ તબકકે નામદાર સુ.કોર્ટના રજીસ્ટ્રારશ્રી એ.જે.ચીમામી નાઓએ રેફરન્સ નં.ડી.૨૯૧૭/૦૬ તા.૧૭/૧/૨૦૦૬ માં સૂચના આપેલ છે કે, જયારે પોલીસ એજન્સી નોટિસ બજાવવામાં નિષ્ફળતા દર્શાવે તેવા સંજોગોમાં ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૮ નો ઉપયોગ કરવો જોઈએ અને મેજીસ્ટ્રેટ પેટી કેસીસમાં, ચલન કેસોમાં મેટ્રોપોલીટન સીટી કે ટાઉન પોલીસને આરોપીએ હાજર રાખવામાં નિષ્ફળ જાય તો, મેજીસ્ટ્રેટ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ નો ઉપયોગ કરી, આરોપી સામેનું પ્રોસીડીંગ્સ સ્ટોપ કરી શકશે. આ કેસ પણ વિદેશી દારૂના નજીવા ગુના અંગેનો છે અને કેસનું ભારણ બિનજરૂરી રીતે અત્રેની કોર્ટને રહે છે. નામ.હાઈકોર્ટે/ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીએ આવા કેસોમાં જો આરોપી મળી ન આવતા યોગ્ય હુકમ કરી નિકાલ કરવા જણાવેલ છે. આ કેસ આગળ ચલાવવાનો કોઈ અર્થ જણાતો નથી અને આ કોર્ટને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ ની મળેલ સત્તાનો ઉપયોગ કરવો જોઈએ તેવું મારૂ માનવું છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

હાલના કેસ લગત આરોપી વિરૂધ્ધની ઈન્સાફી કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ મુજબ પડતી મુકવાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ આઈટમનો એનાલીસી રીપોર્ટ અકબંધ રાખી મુદ્દામાલનો નાશ કરવો.

આરોપી ભવિષ્યમાં મળી આવે તો પોલીસ નવેસરથી ચાર્જશીટ કરી શકશે.

ઉપરોકત હુકમ આજરોજ ૧૩ મી, માહે નવેમ્બર, સને ૨૦૨૨ ના દિને જાહેર કર્યો.

**(મનોજકુમાર રાધેશ્યામ લાલવાણી)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨૫,અમદાવાદ.
(GJ01124)

અમદાવાદ.
તા. ૧૩/૧૧/૨૦૨૨